सत्यमेव जयते

ફો.કે.નં–            /૨૦૨૨

The Finding and a brief statement of the reason thereof in case of conviction on plead guilty.

(૧) ફરીયાદ પક્ષના કેસની હકીકત એવી છે કે આ કામના આરોપીઓ એ આંક–૧ ની હકીકતે ગુનો કરી ગુજરાત નશાબંધી અધિનિયમ ૧૯૪૯ ની કલમ ૬૬(૧) (બી), મુજબ શિક્ષાને પાત્ર ગુનો કરેલ છે. સદર કેસનુ ચાર્જશીટ કોર્ટમાં રજુ થતા, આરોપી હાજર થતા તેને કાયદા મુજબની નકલ આપી, તેમની સામેની પ્લી વાંચી, સંભળાવી, સમજાવતા, આરોપી એ ગુના ની કબુલાત કરવાની પુરશીશ રજુ કરી સ્વેચ્છાએ ગુનો કબુલ કરેલ છે.

(૨) આરોપી એ ગુનાની કબુલાત કરવાની પુરશીશ રજુ કરી જણાવેલ છે કે આરોપી ગરીબ વર્ગના તેમજ એકજ કમાનાર વ્યક્તી છે. તેમણે આ પહેલો ગુનો કરેલ છે અને ફરીવાર ગુનો નહી કરવાની ખાત્રી આપી દયાની માંગણી કરી યોગ્ય દંડ કરવા રજુઆત કરેલ છે. સદર કેસની હકીકત તેમજ ગુનાની ગંભીરતા તથા કબુલાત ધ્યાને લેતા આરોપી/ઓને લાંબા સમયની કેદની સજા કરવાના બદલે હળવી સજા કરવી ન્યાયીક તેમજ ઉચીત જણાય આવે છે. આમ,દરેક આરોપીને સદરહુ ગુનામાં તકસીરવાન ઠરાવી ન્યાયના હિતમાં નીચે મુજબ હુકમ કરવામાં આવે છે.

## SENTENCE AND FINAL ORDER

આરોપીને ફોજદારી કાર્યરીતી સંહીતા, ૧૯૭૩ ની કલમ ૨૫૨ અન્વયે ગુજરાત નશાબંધી અધિનિયમની કલમ ૬૫એએ હેઠળના શિક્ષાને પાત્ર ગુનામાં તકસીરવાન ઠરાવવામાં આવે છે અને દરેક આરોપીને કોર્ટ ઉઠતાં સુધીની સજા અને રૂપિયા ૨૦૦/ – નો દંડ કરવામાં આવે છે. જો આરોપીઓ દંડની રકમ ન ભરે તો દિન– ૨ ની સાદી કેદની સજા ભોગવવાનો હુકમ કરવામાં આવે છે.

હુકમ આજરોજ તારીખ ૧૨ મી માહે માર્ચ સને ૨૦૨૨ ના રોજ ખુલ્લી અદાલતમાં વાંચી, સંભળાવી જાહેર કર્યો.

સ્થળઃ– સુરત

તારીખઃ–૧૨ /૦૩ /૨૦૨૨

**(કે.એમ.વ્યાસ)**
**બીજા અધીક સીવીલ જજ અને**
**જ્યુડી.મેજી.ફ.ક.સુરત.**